# કોથળીનું 'ગાંઠબંધન' કદાપિ ન છૂટે.

મા નવસંબંધોમાં પડી ગયેલી ગાંઠ ઊકેલવી (છોડવી) સહેલી છે પણ આજકાલ હોટેલમાંથી જમવાનું પાર્સલ કરેલી પ્લાસ્ટિકની કોથળી પર જે ગાંઠ મારેલી હોય છે તે ઊકેલવી (છોડવી) અતિ મુશ્કેલ હોય છે. આવી પાર્સલરૂપી કોથળીની ગાંઠ છોડવી એટલી અઘરી હોય છે કે તે ઘટના પર 'ગાંઠ છોડવાની વેળાએ' જેવી નવલકથા પણ લખી શકાય. 'જે કોઈ હોટેલનું જમવાનું જેટલું વખણાતું હોય એટલી જ એ લોકો પાર્સલની કોથળીની ગાંઠ પણ કચકચાવીને મારે' એવું અમારું તારણ છે (કારણ પૂછશો નહિ.). એમની કોથળીઓ પરનું 'ગાંઠબંધન' એટલું મજબૂત હોય છે કે ભલભલા ગઠબંધન છૂટી જાય પણ એ 'ગાંઠબંધન' સાત ભવમાં ય ન છૂટે એવું સજજડબમ હોય છે.

કાળઝાળ ભૂખ લાગી હોય, જઠરમાં જઠરાગ્નિ ઝળહળી રહ્યો હોય ત્યારે મધ્યમવર્ગને માફક આવે એવી હોટલમાંથી જમવાનું પાર્સલ પ્લાસ્ટિકની કોથળીઓમાં લાવ્યા પહેલાં જ આપણે તો થાળી, વાટકા, ચમચીઓ લઈને તૈયાર બેઠા હોઈએ પણ પાર્સલની મોટી કોથળીમાંથી ખાદ્યપદાર્થો ભરેલી જુદી જુદી કોથળીઓ કાઢીએ ત્યારે જ કસોટીકાળ શરૂ થાય કે કોથળીઓની ગાંઠ છોડવાની તો હજુ બાકી છે. આવી ગાંઠ છોડતી વખતે ભોજનોત્સુક મનુષ્યની સ્થિતિ પાકી ગયેલી ઉંમરે કોઈ સ્વયંવરમાં ગયેલા મુરતિયા જેવી થાય છે. સ્વયંવરમાં કન્યા તો અતિ સુંદર હોય પણ કસોટી એવી આકરી રાખવામાં આવે કે પાકી ગયેલા મુરતિયાઓ તો વાંભ જેવડો નિસાસો નાખીને બોલે કે આ તે સ્વયંવર છે કે લશ્કરના બ્લેક કેટ કમાન્ડોની ભરતી! આવો જ નિસાસો અહીં ભોજનોત્સુક મનુષ્ય કોથળીની ગાંઠ જોઈને નાખે છે. આવી આંટીઘૂંટીવાળી ગાંઠ મારવાની શી જરૂર હતી! દાળશાક ઊડીને ક્યાં પાછા તપેલામાં જઈ પડવાના હતા! કેટલીક વાર તો આવી ગાંઠ છોડવામાં જ એટલો સમય લાગે કે એટલી વારમાં તો રસોઈ બની જાય.

ક્યાંક વળી ગાંઠને બદલે કોથળીનું મોઢું બંધ કરવા સૂતરનો દોરો વીટે છે એટલે કે દોરાથી કોથળી બાંધે છે. બંનેમાં સ્થિતિ સરખી જ હોય છે. દોરો વીંટાળીને કોથળી આપે ત્યારે કોથળીમાં દોરાના બે છેડા ખુલ્લા દેખાતા હોય છે એટલે ઘેર આવ્યા પછી ભોજનાતુર મનુષ્ય તેમાંથી દોરાનો એક છેડો પકડી કોથળી ખોલવા માંડે તો છેડો ઊલટાનો કોથળીના ગળે વીંટળાતો દેખાય એટલે તે છેડો મૂકીને બીજો છેડો પકડે છે અને તેને ખોલે તો પાંચ- દસ આંટા ફેરવે ત્યાં સુધી તે ખૂલતો દેખાય. પછી તે પણ વીંટળાતો હોય એવું લાગે એટલે અહીં સ્થિતિ એવી થાય કે દોરો વીંટળાય છે કે ખૂલે છે તે કશું જ સમજાય નહીં. બસ કંઈક ન સમજાય તેવું થાય છે. છેવટે ગુસ્સે થઈને દોરો ખેંચે એટલે ઊલટાનો દોરો કોથળી પર વધારે મજબૂત રીતે બેસી જાય. સાહિત્યજગતમાં પણ આવી ઘટનાઓ સર્જાય છે. સાહિત્યજગતમાં પણ કેટલાક પાટિયા બેસાડીને બની બેઠેલા સર્જકોને ચારપાંચ મોટા,મૂર્ધન્ય સાહિત્યકારો નજરમાં હોય છે. 'પાટિયાબેસાડ સર્જકો' વિચારે છે કે જો આ ચારમાંથી એકાદનો છેડો (ઝભ્ભાની ચાળ) પકડી લઈએ તો બેડો પાર થઈ જાય કારણ કે તે ચારેય સાહિત્યિક સંસ્થાઓ અને સાહિત્યિક વર્તુળોના મગરમચ્છ હોય છે પણ તે ચારેયને એકબીજા સાથે સાસુવહુ જેવા સંબંધ હોય છે.(સાથે ફરતા દેખાય પણ એકબીજાને બનતું ન હોય.) એટલે પેલો પાટિયાબેસાડ સર્જક મુંઝાય કે 'આમાંથી કોનો છેડો પકડવો!' એકનો છેડો પકડીશ તો સાલા બીજા ત્રણ આડા ફાટશે. એવું જ અહીં 'દોરાના બે છેડામાંથી કયો છેડો પકડવો' તે બાબતે થાય છે. તેથી અહીં માણસ દોરા કરતાં પણ વધુ ગૂંચવાય છે.

મોટા ભાગની પાર્સલની કોથળી પર દોરાની નહીં પણ તે કોથળીની જ ગાંઠ મારવામાં આવે છે પણ ગાંઠ એવી કચકચાવીને મારી હોય કે વર્ષો પહેલાં જૂના જમાનામાં કોઈ છોકરી સાથે જ્યારે આંખોથી મનમેળ થઈ જતો પછી જ્યારે તેને એકાંતમાં મળીએ ત્યારે મોટી મુંઝવણ એ થાય કે વાતની શરૂઆત ક્યાંથી કરવી! સૌ પ્રથમ સીધું જ 'જય શ્રીકૃષ્ણ' કહેવું કે બી.એડ. પદ્ધતિથી શરૂઆત કરવી. એમાં જ ઘણાના તો બ્રેકઅપ થઈ જતા. એ જ રીતે અહીં ગાંઠ છોડવામાં પણ 'ક્યાંથી શરૂઆત કરવી' એ જ સમજાતું નથી. તેથી કોથળીને એક હાથથી પકડી, બરાબર નાકની દાંડી સામે રાખીને ગાંઠનો ભેદ ઊકેલવા મથીએ પણ ક્યાંયથી સળ્ય સૂઝે નહીં. આવી ગાંઠ જોઈને આપણને થાય કે આ હોટેલોમાં રસોઈયાઓને રસોઈ બનાવવા કરતાંય વેઈટરોને ગાંઠ મારવાની સઘન તાલીમ આપવામાં આવતી હશે કારણ કે ઘણી હોટેલોની રસોઈ નબળી હોય છે પણ કોથળીની ગાંઠ એકદમ મજબૂત હોય. કેટલાક તો એવી જડબેસલાક ગાંઠ મારે કે પાછું તેને જ ગાંઠ છોડવાનું કહીએ તો તેનાથી ય ન છૂટે.

**અર..ર..ર..ર. , એક નાની અમથી ગાંઠ છોડવામાં આટલી બધી વાર! અરે છૂટે કેમ નહીં! લાવો લાવો, મારી પાસે લાવો! આપણે પણ રાહ જ જોતા હોઈએ એટલે જેવું તે બોલે કે તરત જ કોથળી તેને વળગાડી દઈએ. પછી એ ગાંઠ છોડવાની શરૂઆત કરે ત્યારે એમની અદા જાણે કે 'હાથ અડાડું એટલે ફેંસલો!' એવી હોય છે પણ ડુંગર અને આવી ગાંઠ, દૂરથી જ રળિયામણાં**

'ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે' નહીં પણ ક્યારનોય જાગી ચૂક્યો હોય, તેથી પાર્સલ લાવ્યા પછી મનુષ્ય ગાંઠ છોડવા રીતસર ઝઝૂમી રહ્યો હોય છે. તે કોથળીને બેઉ હાથથી પકડી ગાંઠને આમતેમ મસળે છે. જેથી ગાંઠ ઢીલી પડે પણ ગાંઠ તેને ગાંઠતી નથી. આમ કરવાથી ગાંઠ ઊલટાની ચૂંથાઈને વધુ જટિલ બની જાય છે. પછી તો દશે ય દિશામાંથી ગાંઠ પર આંગળીના નખ ભરાવવામાં આવે છે પણ ગાંઠ છોડવાની કોઈ ચોક્કસ કડી મળતી નથી. છેવટે દાંતનો દુરુપયોગ કરવામાં આવે છે.

## ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

હાથથી ગાંઠ છોડતી વખતે આપણે ગાંઠને સારી રીતે જોઈ શકીએ છીએ. જેથી કામકાજ કેટલે પહોંચ્યું તેનો ખ્યાલ આવે છે પણ દાંતથી ગાંઠ છોડતી વખતે આંખો ગાંઠને જોઈ શકતી નથી છતાં જોવાનો પ્રયત્ન કરીએ તો નાક આડું આવે છે એટલે પછી અંદાજિત ધોરણે ગાંઠમાં દાંત ભરાવવા પડે છે. આમ જ્યાંત્યાં દાંત ભરાવવાથી ગાંઠ કૂતરા ચાવી ગયા હોય એવી થઈ જાય છે પણ છૂટતી નથી. દાંતથી ગાંઠ છોડવામાં બીજી મુશ્કેલી એ થાય કે પાર્સલમાં જે દાળશાક હોય તે એકદમ ગરમાગરમ હોય છે. અહીં પણ 'ચા કરતાં કીટલી ગરમ' નિયમ મુજબ 'દાળ-શાક કરતાં કોથળી ગરમ' હોય છે. દાંત વડે ગાંઠ છોડવાની વેળાએ આવી ગરમાગરમ કોથળી આપણી દાઢીએ અડે છે. તેને કારણે મોંમાંથી એક સિસકારો નીકળી જાય છે અને ઘડીભર માટે કોથળીને દાઢીથી દૂર કરી દઈએ છીએ.

ગાંઠ છોડતી વખતે ત્યાં આજુબાજુ બેઠેલા મિત્રો કે સગાંસંબંધીઓ માર્ગદર્શન આપ્યા જ કરે છે. આપણે જ્યારે ગાંઠ છોડવામાં થાકીને જરાક પોરો ખાઈએ કે તેઓ તરત જ આપણા માટે અપમાનજનક ગણાય એ રીતે મોઢેથી કચ.. કચ.. કચ.. એવો અવાજ કરી અને ખેદ વ્યક્ત કરતા બોલે, "અર..ર..ર..ર. , એક નાની અમથી ગાંઠ છોડવામાં આટલી બધી વાર! અરે છૂટે કેમ નહીં! લાવો લાવો, મારી પાસે લાવો!" આપણે પણ રાહ જ જોતા હોઈએ. એટલે જેવું તે બોલે કે તરત જ કોથળી તેને વળગાડી દઈએ. પછી એ ગાંઠ છોડવાની શરૂઆત કરે ત્યારે એમની અદા જાણે કે 'હાથ અડાડું એટલે ફેંસલો!' એવી હોય છે પણ ડુંગર અને આવી ગાંઠ, દૂરથી જ રળિયામણાં. પછી તો એને પણ આપણી જેમ જ શરૂઆત ક્યાંથી કરવી એ જ સમજાતું નથી. ઘણી મથામણ પછી ગાંઠને બદલે પોતે ઢીલા પડે છે. પછી ઘડીક ગાંઠ સામે તો ઘડીક આપણી સામે જોયા કરે છે. પછી એવું સરસ બહાનું આપે કે આ પ્લાસ્ટિકની કોથળીઓમાં




હોટેલવાળા એકદમ ગરમાગરમ વાનગીઓ ભરે એટલે એની ગરમીથી ગાંઠનું પ્લાસ્ટિક જામી જાય એટલે ન છૂટે. બાકી તો હમણાં છોડી નાખું. આમ તેઓ ગાંઠ સામે સફેદ ધ્વજ ફરકાવીને શુદ્ધ શરણાગતિ સ્વીકારવાને બદલે ગાંઠનું અને પોતાનું બેઉનું ગૌરવ જળવાય એ રીતે એટલે કે 'હું જીત્યો નથી, તો હાર્યો પણ નથી!' એવો યુદ્ધવિરામ જાહેર કરે છે. એટલામાં જ કોઈક ટેબલના ખાનામાંથી કાતર લાવીને બધાની સામે મૂકે છે. કાતર જોઈને બધા જ મનોમન બોલી ઊઠે કે 'બસ હવે પળવારમાં જ કોથળીનું કામ તમામ!' પણ અહીં કાતરને જોઈને કોથળી કંપી ઊઠશે એવું ધારી લેવામાં સાર નથી. આમાં તો કોથળી પર કાતર ચલાવવાનું કૌશલ્ય હોવું જરૂરી છે. જેમ શાસનકર્તાઓ જનતાના ખિસ્સા પર વિવિધ વેરાની, ભાવવધારાની કાતર ફેરવે તોય જનતાને તો કાતરને બદલે કબર જ દેખાય. એવી કુનેહથી દાળશાકની કોથળી પર કાતર ફેરવવાની હોય છે. કોથળીને એવું લાગવું જોઈએ કે આ બધું તો મારો ભાર હળવો કરવા માટે થઈ રહ્યું છે. હોટલ રેસ્ટોરન્ટવાળા કોથળીને વળ ચડાવીને એવી ચુસ્તાતિચુસ્ત ગાંઠ મારે છે. કોથળી તૂટે પણ ગાંઠ ન છૂટે. આવી કોથળી કાતરથી કાપતા પહેલાં જ તેની નીચે થાળી, વાડકા મૂકી દીધા હોય છે. પછી આપણે જેવી દાળની કોથળી કાપીએ એટલે જાણે કે પાંજરું ખોલો 'ને પાંજરે પુરાયેલો ઉંદર છટકે એમ કોથળીમાંથી દાળ છટકે છે. આ રીતે કોથળીમુક્ત થતી વાનગીઓ આપણે અગાઉથી ગોઠવી રાખેલ થાળીવાટકામાં અડધી અંદર તો અડધી બહાર પડે છે. આનાથી વિશેષ ક્યારેક આપણા કપડાં પર પણ યાદી છોડતી જાય છે. ઉપરાંત હાથ પર પણ ઢોળાય એટલે કે જીભ પહેલાં વાનગીનો સ્વાદ આંગળીઓ ચાખી લે છે. પછી વાનગી ભલે પાંચે ય આંગળા ચાટી જાય એવી સ્વાદિષ્ટ હોય પણ ત્યારે આંગળીઓ ચાટી શકાતી નથી.

***ગરમાગરમઃ-***

**પતિઃ- (પત્ની પર માફકસર ગુસ્સે થઈને) અરે આ ચાર ચાર દિવસથી કોબી-બટાટાનું જ શાક બનાવે છે હું તો ખાઈ ખાઈને કંટાળી ગયો છું.**

**પત્નીઃ-રહેવા દો, રહેવા દો હવે, આવા નાટક રહેવા દો. તમે કાંઈ કંટાળ્યા નથી!**

**પતિઃ-એવું તું શાના પરથી કહે છે!?**

**પત્નીઃ- તમે એકસો પાંત્રીસના માવા સાત સાત વર્ષથી ખાવ છો! કોઈ દી' બોલ્યા!**